BUSINESS મિત્ર

રશિયન ઓઇલ ખરીદવા બદલ ભારતને 100% ટેરિફની ધમકી આપનાર

ટ્રમ્પે રશિયા સાથે ડીઝલ ખરીદવા કરાર કર્યો!

પુટિન સાથે ફોન પર વાતચીત કરીને સોદો કરી નાખ્યો, રશિયા અમેરિકાને અને અન્ય દેશોને હવે ડીઝલ પુરુ પાડી શકશે

રશિયા પરથી 7 એપ્રિલ, 2027 સુધી ડીઝલ સપ્લાય કરવા માટેના પ્રતિબંધો ઉઠાવી લીધા

યુક્રેનને નવા રાષ્ટ્રપતિ મળવા જોઈએ: ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. 10 (AP) યુ.એસ. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, હવે યુક્રેનને નવા રાષ્ટ્રપતિ મેળવવાનો સમય આવી ગયો છે, ટ્રમ્પે એવો સંકેત આપ્યો કે વર્તમાન યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ રશિયા સાથેના પોતાના દેશના યુદ્ધનો અંત લાવવા માટે પૂરતી કોશિશ કરી નથી. શનિવારે વ્હાઇટ હાઉસ ખાતે બોલતાં ટ્રમ્પે કહ્યું, ‘ ’હું સૂચન આપું છું કે તેઓ એક નવા નેતાની પસંદગી કરે, જે સમાધાન કરી શકે.’’ અને ઉમેર્યું કે ‘ ’કોઈ કારણસર (ઝેલેન્સ્કી) એવું કરતા નથી.’’

ટ્રમ્પે એવું પણ કહ્યું કે, જો તેઓ 2022માં યુ.એસ.ના રાષ્ટ્રપતિ હોત, તો તે યુદ્ધ ક્યારેય શરૂ જ થયું ન હોત. યુક્રેન અને રશિયા વચ્ચે તે યુદ્ધ શરૂ થવાનું કોઈ કારણ ન હતું. તે અક્ષમતાને કારણે શરૂ થયું હતું.

ટ્રમ્પે કહ્યું, ‘ ’ઝેલેન્સ્કીએ પોતાના દેશનો 30% ભાગ ગુમાવી દીધો છે અને 10 લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે, 20 લાખથી વધુ લોકો માર્યા ગયા છે. તે એક એવું યુદ્ધ છે જે ક્યારેય શરૂ થવું જોઈતું નહોતું. અને મને લાગે છે કે, યુક્રેનને નવા રાષ્ટ્રપતિ મેળવવાનો સમય આવી ગયો છે.’’

હવે અમેરિકા પોતાના પર જ ટેરિફ લાદી શકશે?: એક નિષ્ણાતનો કટાક્ષ

ટ્રમ્પે રશિયા પાસેથી ઓઇલ ખરીદતા દેશો પર આકરા ટેરિફ ઝિંકવાની જોગવાઇ ધરાવતો કાયદો હાલમાં પસાર કરાવ્યો છે. હવે ટ્રમ્પ પોતે જ રશિયા પાસેથી ઓઇલ ખરીદી રહ્યા છે ત્યારે તેમના પર કટાક્ષો થઇ રહ્યા છે. કોંગ્રેસે હમણાં જ એક કાયદો પસાર કર્યો છે જે ટ્રમ્પને રશિયન તેલ અને ગેસના મુખ્ય ખરીદદારો પર ટેરિફ લાદવાની સત્તા આપે છે. શું અમેરિકા અમેરિકા પર ટેરિફ લાદી શકે છે?” અમેરિકન રિસર્ચ ઓર્ગેનાઇઝેશન ‘કેટો ઇન્સ્ટિટ્યૂટ’ના વાઇસ પ્રેસિડેન્ટ સ્કોટ લિન્સિકોમે કટાક્ષ કરતા કહ્યું. ભૂ-રાજકીય નિષ્ણાત ઇવાન એ. ફીગનબૌમે ટ્વિટ કર્યું, “રશિયા પાસેથી ખરીદી સંબંધિત ૧૪ મહિનાની ધમકીઓ પછી, ખાસ કરીને ભારત માટે આ સંદેશ ખૂબ મહત્વનો છે.

આનાથી રશિયાને યુદ્ધમાં બળ મળશે: ઝેલેન્સ્કીએ ટ્રમ્પના પગલાની ટીકા કરી

અમેરિકામાં ડેમોક્રેટોની સાથે કેટલાક રિપબ્લિકન પણ ટ્રમ્પની ટીકા કરી રહ્યા છે (પેટા)

રશિયા પાસેથી ડીઝલ ખરીદવા કરાર કરવાના પગલાની યુક્રેનિયન પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કીએ આકરી ટીકા કરતા કહ્યું કે આનાથી રશિયાને બળ મળશે અને તે યુક્રેન યુદ્ધ લંબાવી શકશે. તેમણે એક સોશ્યલ મીડિયા પોસ્ટમાં આને રશિયાને અપાયેલી ભેટ ગણાવી હતી. યુ.એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવના સભ્ય ડોન બેકને X પર પોસ્ટ કર્યું હતું, “70% અમેરિકનો યુક્રેનનું સમર્થન કરે છે. પુતિનની યુદ્ધ અર્થવ્યવસ્થાને ટેકો આપવો એ નૈતિક રીતે ખોટું છે, કારણ કે તેઓ તે પૈસાનો ઉપયોગ શહેરો પર બોમ્બમારો કરવા માટે કરે છે. રશિયા અને યુક્રેન પ્રત્યે પ્રમુખની નીતિઓ નિષ્ફળ રહી છે. આપણને નૈતિક સ્પષ્ટતાની જરૂર છે, નૈતિક અસ્પષ્ટતાની નહીં.” રશિયા પ્રતિબંધ કાયદાના સહ-લેખક સેનેટર રિચાર્ડ બ્લુમેન્થલે, મોસ્કો પાસેથી ડીઝલ ખરીદવા માટે પ્રમુખ ટ્રમ્પના પ્રમુખ પુતિન સાથેના સોદાની આકરા શબ્દોમાં ટીકા કરી હતી અને આ પગલાંને શરમજનક ગણાવ્યું હતું.

16 સપ્ટેમ્બરે યુ.એસ. કોંગ્રેસે રશિયા પર મંજૂરીનો કાયદો પસાર કર્યાના તુરંત જ બ્લુમેન્થલે ચીન અને ભારતને ચેતવણી આપતા કહ્યું હતું કે “તમારું વલણ સુધારો” અને ટૂંક સમયમાં અન્ય સ્થળોએથી તેલ ખરીદવાનું શરૂ કરો. કેલિફોર્નિયાના ડેમોક્રેટિક કોંગ્રેસમેન ડેવ મીને જણાવ્યું હતું કે, “જો ટ્રમ્પ રશિયા સાથે આવા (તેલના સોદા કરવાનું ચાલુ રાખશે, તો આપણે કદાચ આપણી જાત પર જ પ્રતિબંધો લગાવવાનું શરૂ કરવું પડશે.” ટેક્સાસના રિપબ્લિકન કોંગ્રેસમેન માઇકલ મેકકોલે X પર લખ્યું, “દુર્ભાગ્યે, ડીઝલના ભાવ ઘટાડવાની ઈચ્છા હું સમજુ છું, પરંતુ મને ચિંતા છે કે રશિયન તેલ પરથી મંજૂરીઓ હટાવવાથી માત્ર ક્રેમલિનના યુદ્ધ મશીનને જ ભંડોળ મળશે - જેનાથી વધુ હિંસા અને વિનાશને પ્રોત્સાહન મળશે, જેવું આપણે તાજેતરના દિવસોમાં જોયું છે.”

વોશિંગ્ટન, તા. ૧૦: અમેરિકી કોંગ્રેસે મૉસ્કો પાસેથી તેલ અને ગેસ ખરીદનારા ટોચના ખરીદદારો પર ભારે ટેરિફ લાદવાની પ્રમુખને સત્તા આપ્યાના અઠવાડિયાઓ પછી, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા અને વૈશ્વિક બજારોમાં ડીઝલનો પુરવઠો પહોંચાડવા માટે રશિયા સાથે એક સમજૂતી કરી છે.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર થયેલી વાતચીત બાદ ટ્રમ્પે શુક્રવારે આ સોદાની જાહેરાત કરી હતી.

તેમના આ નિર્ણયની યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી, ડેમોક્રેટિક નેતાઓ અને રિપબ્લિકન પક્ષના એક વર્ગ તરફથી તીખી ટીકાઓ થઈ હતી. ટ્રમ્પ દ્વારા ‘ટ્રુથ સોશિયલ’ પર કરવામાં આવેલી જાહેરાતની મિનિટો બાદ જ, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રેઝરીએ રશિયા પરથી આવતા વર્ષના ૭ એપ્રિલ સુધી અમેરિકા સહિતના વૈશ્વિક બજારમાં ડીઝલ સપ્લાય કરવા માટેના પ્રતિબંધો ઉઠાવી લીધા હતા.

યુએસ કોંગ્રેસે ૧૬ સપ્ટેમ્બરે રશિયન તેલ અને ગેસના ટોચના ખરીદદારો સામે ભારે ટેરિફ લાદવાની માગ કરતો કાયદો પસાર કર્યાના અઠવાડિયાંઓ પછી ટ્રમ્પની આ આશ્ચર્યજનક જાહેરાત આવી છે.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, “મેં હમણાં જ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ખૂબ જ સફળ ચર્ચા પૂર્ણ કરી છે, જેમાં એ વાત પર સંમતિ સધાઈ છે કે રશિયા તાત્કાલિક અમેરિકન અને વૈશ્વિક બજારમાં ૩,૦૦૦,૦૦ ટનથી વધુ ડીઝલ ફ્યુઅલનો પુરવઠો પૂરો પાડશે.” અમેરિકામાં મિડ ટર્મ સંસદીય ચૂંટણી નજીક આવી રહી છે અને તે જ સમયે ઈંધણના ભાવ ખૂબ ઉંચા ગયા છે, ખાસ કરીને માલ પરિવહનના વાહનો માટે ડીઝલનો વધુ ઉપયોગ થાય છે તેથી મોંઘા ડીઝલની અસર અન્ય ચીજવસ્તુઓના ભાવો પર પણ પડે છે.

મિડ ટર્મ ચૂંટણી પહેલા ભાવ ઘટાડવા જ સ્વાભાવિક રીતે ટ્રમ્પે રશિયા સાથે આ કરાર કર્યો છે. અમેરિકામાં અત્યારે ડીઝલના ભાવ ગયા વર્ષ કરતા બમણા જેવા ચાલી રહ્યા છે. જો કે ટ્રમ્પના આ પગલાની આકરી ટીકાઓ પણ થઈ રહી છે.

GIDCની જમીનના લીઝના હકની તબદીલીના અવેજ પર ચૂકવેલ GSTની ITC નામંજૂર ન કરી શકાય

ના.ગુજરાત હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

ઘણા ઉધોગકારો દ્વારા લીઝની તબદીલી પર મળતા અવેજ પર GST ઉઘરાવવામાં આવેલ અને જે વ્યક્તિઓએ જમીનના લીઝની તબદીલી મેળવી હોય તેમના દ્વારા આવા વ્યવહાર પેટે વેચનારને ચૂકવાયેલ GSTની ITC પણ લેવામાં આવેલ. તો ના.સુપ્રિમકોર્ટના ચૂકાદાથી GIDCની જમીનના લીઝની તબદીલી પેટે મળેલ અવેજ પર GST ન લાગે તેવું ક્કી થઇ ગયું છે ત્યારે આ સંદર્ભમાં લીઝના હકની તબદીલ પર વેચનારને ચૂકવેલ GSTની ITC માંગેલ હોય તે નામંજૂર ન કરી શકાય એવો અગત્યનો ચૂકાદો ના.ગુજરાત હાઇકોર્ટે ખૂબ તાજેતરમાં આપ્યો છે. ખેર ! ના.ગુજરાત હાઇકોર્ટના સંજય રમેશચંદ્ર સોની વિ. આસી. કમિશ્નર-સ્પે.સી.એપ્લી. નં. 6623/2026ના તા. 3/9/2026ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હકીકત...

અરજદાર કંપનીનો ધંધો કેમીકલસનો પુનઃ વેચાણનો છે કંપનીએ અંકલેશ્ર GIDC ના પ્લોટના લીઝ હોલ્ડ રાઇટ્સ GST રૂા. 29,25,000 સહતિ કુલ રૂ. 1સ91સ75.000 ચૂકવીને માપસ્પેસ કંપની પાસેથી મેળવેલ અને પ્રમાણિક માન્યતાને આધારે કંપનીએ ફ્રેબુઆરી 2022ના પત્રક માં તેની ITC માંગેલ. તો રેઇડ સમયે લીધેલ ITC અંગે તકરાર ઊભી થતાં કંપની દ્વારા મેળવેલ ITC રિવર્સ કરવામાં આવી તેમજ વ્યાજ પણ ભરી દેવામાં આવ્યું. ત્યારબાદ કંપનીને દંડ ભરવા માટે DRC-01A માં નોટિસ બજાવવામાં આવી જેનાં પ્રત્યુત્તરમાં કંપનીએ જણાવ્યું કે તપાસ સમયે તેમના દ્વારા વેરો તેમજ વ્યાજ ભરી દેવામાં આવ્યા છે. તો કંપનીના જવાબનો અસ્વીકાર કરીને અધિકારીએ કલમ 74 હેઠળ કારણદર્શક નોટિસ બજાવી. તો કંપનીના જવાબનો અસ્વીકાર કરીને વેરો, વ્યાજ અને દંડ લાદતો આદેશ પસાર કરવામાં આવ્યો, જે સામેની અપીલ નામંજૂર થતા કંપની દ્વારા ના.હાઇકોર્ટ સમક્ષ રીટપીટીશન ફાઇલ કરવામાં આવી.

રજૂઆત...

કંપનીના વિદ્વાન એડવોકેટે દલીલ કરતા જણાવ્યું કે કલમ 17(5)(ડી), કંપનીએ કોઇ બાંધકામ કરેલ નથી અને તેથી લાગુ પડે નહીં. તો ના.હાઇકોર્ટનું ધ્યાન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના ચૂકાદા તરફ દોરીને રજૂઆત કરવમાં આવી કે આ કેસમાં લીઝ હોલ્ડ હાઇટ્સ તબદીલ કરવાની અવેજ પર GST લાગે નહીં અને સપ્લાયર ખોટો GST વસૂલ કરેલ છે. આમ કંપનીએ જે વ્યવહાર પર વેરો લાગવા પાત્ર નથી તેના પર વેરાનું ભારણ ભોગેલ છે.

ચૂકાદો...

ના.હાઇકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે ગુજરાત ચેમ્બરના ચૂકાદા મુજબ લીઝ હોલ્ડ રાઇટ્સની તબદીલી પર GST લાગે નહીં ત્યારે, કોર્ટના મતે, જયારે કાયદા હેઠળ વેરો લાગે જ નહીં ત્યારે ખાતા દ્વારા સીધી કે આડકતરી રીતે વેરો વસૂલ કરવામાં આવે અથવા રાખી લેવામાં આવે તે ગેરકાયદેસર છે. આ કેસમાં લીઝ હોલ્ડ રાઇટ્સની તબદીલી પર GST લાગે તેવી પૂર્વ ધારણા પર ITCનું રિવર્સલ આધારીત હતું.

જે કાયદેસર ટકી શકે નહીં. તો ના.હાઇકોર્ટના મતે કલમ 17(5)(ડી)ના આધારે ITC નામંજૂર કરતો આદેશ ગેરકાયદેસર હતો. આ કેસની હકીકતો જોતા કંપનીએ છેતરપિંડી વિ. ગણી શકાય નહીં અને તેથી કલમ 74 હેઠળ પસાર કરવામાં આવેલ આદેશ અને તેને મંજૂર રાખતો અપીલ આદેશ ગેરકાયદેસર ઠેરવી દૂર કર્યા અને કંપનીએ ભરેલ વેરો તેમજ વ્યાજની રકમનું રિફન્ડ કંપનીને ત્રણ અઠવાડિયામાં ચૂકવવા અધિકારીને ફરમાવ્યું.

રૂપિયાને બચાવવા RBI ફરી મેદાને

ઓઇલ કંપનીઓને ફોરેક્સ માર્કેટથી દૂર રાખવા હવે પોતે આ કંપનીઓને ડોલરનું વેચાણ કરશે

કરન્સી બજારમાં સટ્ટાબાજીને અંકુશમાં લેવા ડેરિવેટિવ્ઝના નિયમો સખત બનાવ્યા

મુંબઇ, તા. 10: ૨ ઓક્ટોબર સુધીમાં વિદેશી મુદ્રા ભંડાર છેલ્લા કેટલાક સપ્તાહોમાં ૫૦ અબજ ડૉલરથી વધુ ઘટીને ૭૩૪ અબજ ડૉલર પર પહોંચી ગયો છે. આથી રિઝર્વ બેન્કે દખલગીરી કરીને રૂપિયાને વધુ ગગડતો અટકાવવા કેટલાક પગલાં ભર્યા છે.

દેશની મધ્યસ્થ બેંકે ફોરેક્સ ડેરિવેટિવના નિયમોને સખત બનાવી સટ્ટેબાજી પર લગામ કસી, 20 ટકા કેશ રિઝર્વના નિયમો લાગુ કર્યા છે અને સરકારી તેલ કંપનીઓ માટે ખાસ ડોલર વિન્ડો ખોલી છે. મજબૂત અમેરિકી ડોલર સામે નરમ થઈ રહેલા રૂપિયાને ટેકો આપવા ભારતીય રિઝર્વ બેંકે પગલાં લીધા છે. કરન્સી બજારમાં ચાલી રહેલી સટ્ટાબાજી પર રોક લગાવવા માટે રિઝર્વ બેન્કે ફોરેક્સ ડેરિવેટિવ્ઝના નિયમો કડક કરી દીધા છે. રિઝર્વ બેન્કે ઓઈલ કંપનીઓને ફોરેક્સ બજારથી દૂર કરવા માટે પણ દખલગીરી કરી છે અને હવે RBI રાજ્ય માલિકીની તેલ કંપનીઓ માટે ડોલરની માંગનું સંચાલન પોતે કરશે.

ચલણ બજાર પર સૌથી મોટી ડોલરની અસર તેલ કંપનીઓની ખરીદીથી થાય છે. આને ધ્યાનમાં રાખીને, RBI એ 12 ઓક્ટોબરથી ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનની દૈનિક વિદેશી વિનિમય જરૂરિયાતોને સીધી રીતે પૂર્ણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આનાથી ખુલ્લા બજારમાંથી આ ત્રણ રાજ્ય માલિકીની કંપનીઓની ડોલરની માંગ દૂર થશે અને રૂપિયા પર તાત્કાલિક દબાણ ઘટશે. નવા નિર્દેશો અનુસાર, અધિકૃત ડીલરો હવે એવા વપરાશકર્તાઓને રૂપિયા સાથે સંકળાયેલા ફોરેક્સ ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટને ફરી બુક કરવાની મંજૂરી નહીં આપે, જેમણે પરિપત્ર પછી કોઈપણ અધિકૃત ડીલર સાથેના તેમના કરાર રદ કર્યા છે. અનિચ્છનીય બજાર જોખમને રોકવા માટે, કેન્દ્રીય બેંકે ફોરેન એક્સચેન્જ રિસ્ક રિઝર્વ(FERR) લાગુ કર્યું છે. 20 લાખ ડોલરથી વધુના નોશનલ વેલ્યુવાળા રૂપિયાના ફોરેક્સ ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ માટે અધિકૃત ડીલરોએ RBI પાસે નોશનલ એમાઉન્ટના 20 ટકા જેટલું રોકડ અનામત રાખવું આવશ્યક છે. આ નિયમ ચાલુ ખાતાના એક્સપોઝરને હેજ કરવા માટે કરવામાં આવેલા વ્યવહારોને લાગુ પડે છે જ્યાં વપરાશકર્તા રૂપિયા સામે વિદેશી ચલણ ખરીદી રહ્યો છે. ફોરેક્સ હેજિંગમાં પારદર્શિતા લાવવા માટે, RBI એ પેપરવર્ક પણ કડક બનાવ્યું છે.

અધિકૃત ડીલરો હવે વપરાશકર્તાઓને લેખિત બાંયધરી રજૂ કરવાની જરૂર પડશે જે પુષ્ટિ કરે છે કે સંબંધિત એક્સપોઝર પહેલાથી જ અન્ય અધિકૃત ડીલર સાથે હેજ કરવામાં આવ્યું નથી. કેન્દ્રીય બેંકે જણાવ્યું છે કે આ પગલાં બજાર શિસ્ત લાવવા અને વેપારને પારદર્શક બનાવવાનો હેતુ છે.

ઈલોન મસ્કનો મુકેશ અંબાણી પર ફરી પ્રહાર

મુકેશ અંબાણીને ભારતના વડાપ્રધાન તરીકે સંબોધન કરીને ફરીથી તેમને ભારતના સાચા બોસ ગણાવ્યા

અહેવાલો શેર કરીને દાવો કર્યો કે રિલાયન્સ-ફંડેડ કંપનીઓએ ભાજપના પ્રચાર અને ચૂંટણી બોન્ડ્સમાં રૂ. 385 કરોડનું દાન આપ્યું

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઇ): એલોન મસ્કે શનિવારે પણ ભારતીય ઉદ્યોગપતિ મુકેશ અંબાણી પર પોતાના આકરા પ્રહારો ચાલુ રાખ્યા હતા. તેમણે એવા મીડિયા અહેવાલોના સ્ક્રીનશોટ શેર કર્યા હતા જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે રિલાયન્સ તરફથી ભંડોળ મેળવતી કંપનીએ સોશિયલ મીડિયા પર ભાજપના પ્રચારને વેગ આપવામાં મદદ કરી હતી અને રિલાયન્સ સંલગ્ન કંપનીએ શાસક પક્ષને મોટું રાજકીય દાન આપ્યું હતું.

X પર મસ્કની તાજેતરની પોસ્ટમાં ૨૦૨૨નો અલ જઝીરાનો એક અહેવાલ હતો, જેની હેડલાઇન હતીઃ રિલાયન્સ-ફંડેડ પેઢી ફેસબુક પર ભાજપના પ્રચારને કેવી રીતે પ્રોત્સાહિત કરે છે. આ સાથે ૨૦૨૪નો ઈન્ડિયન એક્સપ્રેસનો એક આર્કાઈવ કરેલો અહેવાલ પણ હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે રિલાયન્સ સાથે જોડાયેલી ‘ક્વિક સપ્લાય’ નામની કંપનીએ ઈલેક્ટોરલ બોન્ડ્સ દ્વારા ભાજપને ૩૮૫ કરોડ રૂ. અને શિવ સેનાને ૨૫ કરોડ રૂ.નું દાન આપ્યું હતું. આ તાજેતરની પોસ્ટ મસ્ક દ્વારા ભારતમાં સ્ટારલિંક સેટેલાઇટ બ્રોડબેન્ડ સેવાઓ શરૂ કરવામાં થઈ રહેલા સતત વિલંબ અંગે મુકેશ અંબાણીની કરવામાં આવેલી આકરી ટીકા વચ્ચે આવી છે.

રિલાયન્સે મસ્કના આ આરોપો પર જાહેર રૂપે કોઈ પ્રતિક્રિયા આપી નથી, જ્યારે સરકારે સ્પષ્ટ કર્યું છે કે ટેલિકોમ અને સેટેલાઇટ સેવાઓ માટે દેશનું ઓથોરાઈઝેશન ફ્રેમવર્ક “નિષ્પક્ષ અને ભેદભાવ રહિત” છે, અને તેને પસંદગીના આધારે લાગુ કરવામાં આવી રહ્યું છે તેવ પાયાવિહોણા અને ગેરસમજભર્યા છે. આ પોસ્ટ કરવાના થોડા કલાકો પહેલા, મસ્કે X પર મુકેશ અંબાણીને વડાપ્રધાન અંબાણી કહીને સંબોધ્યા હતા અને તેમના પર એકાધિકાર જાળવી રાખવાનો આરોપ મૂક્યો હતો. મસ્કે લખ્યું હતું કે વહાલા વડાપ્રધાન અંબાણી, તમે જ ભારતના સાચા બોસ છો તે નહીં સમજવા બદલ મારી માફી સ્વીકારશો. સ્વાભાવિક રીતે તમે ભારતના મહાન લોકોનું એકાધિકારવાદ વડે શોષણ ચાલુ રાખવાનું પસંદ કરશો, પરંતુ તમે સ્ટારલિંકને સ્પર્ધા કરવા દેવાનું વિચારશો ખરા? એમ તેમણે લખ્યું હતું.

સેબીએ સેટલમેન્ટ માટેના નવા નિયમની જાહેરાત કરી

બેવડી ગણતરી અટકાવવા નવી ગણતરી પદ્ધતિ લાગુ અને રૂ. 10 લાખ સુધીના કેસો માટે ‘ફાસ્ટ-ટ્રેક’ પ્રક્રિયા

મુંબઈ, તા. 10 : સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ સિક્યોરિટીઝ સંબંધિત નિયમોના ઉલ્લંઘન બદલ ચૂકવવાપાત્ર સેટલમેન્ટની રકમની ગણતરી કરવાની પદ્ધતિમાં ફેરફાર કરતા નવા નિયમો અમલમાં મૂક્યા છે. આ નવી ફોર્મ્યુલા સેટલમેન્ટના મૂલ્યાંકન દરમિયાન ‘અયોગ્ય લાભ’ની બેવડી ગણતરીને અટકાવે છે. વધુમાં, રૂ. 10 લાખથી ઓછી રકમના સેટલમેન્ટ ધરાવતા કેસો માટે તેમાં ‘ફાસ્ટ-ટ્રેક’ પ્રક્રિયા દાખલ કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય સિક્યોરિટીઝ સંબંધિત બાબતોના સંચાલનમાં નિયમનકારી કાર્યક્ષમતા જાળવી રાખીને ઝડપી ઉકેલ લાવવાનો છે.

નવી વ્યવસ્થા હેઠળ, સેટલમેન્ટની શરતો નક્કી કરતી વખતે આવી રકમોની થતી બેવડી ગણતરીને દૂર કરીને, ગેરકાયદેસર રીતે મેળવેલા લાભો પરત કરવા અથવા રોકાણકારોને થયેલ નુકસાન કે ટાળવામાં આવેલા નુકસાનની ભરપાઈ કરવા માટે અલગથી જોગવાઈ કરવામાં આવી છે. જાહેરનામા મુજબ, નવી વ્યવસ્થા હેઠળ સેટલમેન્ટની શરતોમાં સેટલમેન્ટની રકમ, જ્યાં લાગુ પડતું હોય ત્યાં ગેરકાયદેસર લાભો પરત કરવાની રકમ, અને સુધારાત્મક તથા નિયમનકારી શરતો (RRT) - જેને અગાઉ બિન-નાણાકીય શરતો તરીકે ઓળખવામાં આવતી હતી - તેનો સમાવેશ થશે.

સેટલમેન્ટની રકમની ગણતરી માટેનું નવી ફોર્મ્યુલા સિક્યોરિટીઝ કાયદા હેઠળના ઉલ્લંઘન માટે નિર્ધારિત લઘુત્તમ દંડ સાથે જોડાયેલી ‘આધાર રકમ’ પર આધારિત હશે. કાનૂની ખર્ચ ઉપરાંત, કાર્યવાહીના તબક્કા, નિયમનકારી પગલાં, ઉલ્લંઘનની ગંભીરતા તેમજ પરિસ્થિતિને વધુ ગંભીર કે હળવી બનાવતા પરિબળોને ધ્યાનમાં લઈને આ આધાર રકમમાં જરૂરી ફેરફારો (એડજસ્ટમેન્ટ) કરવામાં આવશે.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૫૭૦૦
એમ-૩૦	૫૬૦૦
એસ-૩૦	૫૫૦૦
ગુજરાત	
એમ-૩૦	૫૫૦૦
એસ-૩૦	૫૪૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૫૪૪૭૫
તેજાબી સોનું	૧૫૪૩૮૫
દાગીના-૨૨ કેરેટ	૧૪૬૭૫૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૧૩૮૫
સોનાનાં બિસ્કીટ	૧૫૪૪૭૫૦
ચાંદી (૯૯૯)	૨૨૮૯૦૦
ચાંદી સિક્કા	૨૩૦૪૦૦

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા

૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ’’	૧૫૪	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૪.૫	૫૦/૩૬ ’’	૧૬૦	૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
૩૦/૩૬ એફડી	૩૧૧.૫	૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૭
૬૮/૩૬	૧૭૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૭૨.૨૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫	૧૦૦ ટેક્ષ	૧૬૫.૫	૬૮ ક્રિમ્પ	૧૬૮.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨.૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૩.૫	૮૦/૭૨ રોટો	૧૭૨.૫	૭૫ ક્રિમ્પ	૧૬૫.૩૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૧	૮૦/૭૨ ફોલ્ડર	૧૭૭.૫	૮૦ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦/૭૨ રોટો.	૧૬૫	૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫	૮૦/૭૨ રોટો	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૫	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૫૮	૮૦/૧૦૮ ’’	૧૭૦	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૬૭.૫

સપ્ટેમ્બરમાં બલેનો બની નંબર 1

નવી દિલ્હી, તા. 10: ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરમાં કારના વેચાણમાં ફેરફાર જોવા મળ્યો છે. એક સમયે વેચાણની દ્રષ્ટિએ આગળ રહેલી ઘણી કાર આ વખતે પાછળ રહી છે. આવી સ્થિતિમાં ટોપ-10 કારના વેચાણ અંગે જોઈએ તો મારૂતિ સુઝુકી નંબર વનનું સ્થાન ધરાવે છે. સપ્ટેમ્બર 2026ની સૌથી વધુ વેચાતી કારમાં મારૂતિની બલેનો છે. જેને માસિક 25392 યુનિટસનું વેચાણ કર્યુ છે, જે ગત વર્ષે 13173 યુનિટ વેચાણ કર્યુ હતું. આ કારના વેચાણમાં એક વર્ષમાં લગભગ 93 ટકાનો વધારો થયો છે. બીજા નંબરે ટાટા નેક્સન છે. જેને 20456 યુનિટસ વેચ્યા હતા.

ભારતીય બેન્કિંગ સિસ્ટમ ઈમરજન્સી ફંડિંગ ધોરણોમાં નિષ્ફળ!

19 દેશોની સમીક્ષા બાદ એફએસબીનો અહેવાલ: ભારત અને આર્જેન્ટિના ડૂબતી બેન્કોને બચાવવાના વૈશ્વિક ધોરણોમાં પાછળ

નવી દિલ્હી, તા. 10: વૈશ્વિક નાણાકીય પ્રણાલી પર નજર રાખતી આંતરરાષ્ટ્રીય સંસ્થા ફાઈનાન્સીયલ સ્ટેબિલિટી બોર્ડ-એફએસબીએ ભારતીય બેન્કીગ સીસ્ટમ વિશે ચિંતાજનક પરિસ્થિતિનો ખુલાસો કર્યો છે. ભારત અને આર્જેન્ટિના મુશ્કેલીમાં મુકાયેલી અને નિષ્ફળ પ્રણાલીગત બેન્કોને તાત્કાલિક પ્રવાહિતા પુરી પાડવા માટે સાર્વજનિક બેકસ્ટોપ ફંડ વ્યવસ્થા ઉભી કરવામાં આંતરરાષ્ટ્રીય ધોરણોને પહોંચી વળવામાં નિષ્ફળ ગયા છે. એફએસબી દ્વારા સમીક્ષા કરવામાં આવેલા 10 મોટા દેશોમાંથી મોટા ભાગના કરદાતાઓના નાણાથી રાષ્ટ્રીયકરણ કર્યા વિના ડુબતી બેન્કોને સલામત રીતે બંધ કરવા અથવા વેચવા માટે વિશ્વસનીય ઈમરજન્સી ફંડિંગ મિકનીઝમનો અભાવ હોવાનું જણાયું છે. એફએસબીએ 19 દેશોમાં બેન્કોની ઈમરજન્સી બેકસ્ટોપ ફંડિંગ મિકેનીઝમનું મુલ્યાંકન કર્યુ હતું. જેના ડેટા મુજબ કટોકટીના સમયે જાહેર ભંડોળનો ઉપયોગ કર્યા વિના રાષ્ટ્રીયકરણના જોખમને ટાળ્યા વિના બેન્કોની વ્યવસ્થિત નિવારણ વ્યવસ્થામાં મોટા અંતર અસ્તિત્વમાં છે. ઉલ્લેખનીય છે કે, 19 દેશોમાંથી માત્ર ભારત અને આર્જેન્ટિના તમામ સલામતીના ધોરણોને પુર્ણ કરવામાં નિષ્ફળ ગયા છે.

ભારતીય આઈટી કંપનીઓ તરફથી ગ્રીન કાર્ડ અરજીઓમાં ઘટાડો

અમેરિકાના PERM પ્રોગ્રામમાંથી દૂર કરવાના ટ્રમ્પ તંત્રના પગલાની આ કંપનીઓની કામગીરી પર મોટી અસર નહીં થાય તેવા સંકેતો

વોશિંગ્ટન, તા. ૧૦(પીટીઆઈ): અમેરિકાના પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામમાંથી સસ્પેન્શનનો સામનો કરી રહેલી ભારતીય આઈટી કંપનીઓએ આ વર્ષે ગ્રીન કાર્ડ માટે ઓછી અરજીઓ કરી છે, જે દર્શાવે છે કે આ કાર્યવાહીની તેમની કામગીરી પર મોટી અસર નહીં પડે.

ગુરુવારે અમેરિકા ભારતીય ટેક દિગ્ગજો ટાટા, ઈન્ફોસિસ, વિપ્રો અને એચસીએલ સહિત આઠ આઈટી કંપનીઓને વિદેશી કામદારો માટે ગ્રીન કાર્ડની અરજી કરવાના એક પ્રોગ્રામમાંથી સસ્પેન્ડ કરી દીધી છે. અમેરિકાનો તર્ક છે કે આ પ્રથાએ અમેરિકનોને નોકરીના બજારમાંથી બહાર કરી દીધા છે.

અન્ય કંપનીઓમાં કેપજેમિની, કૉગ્નિઝન્ટ, માઈક્રોસોફ્ટ અને એડોબ સામેલ છે, જે ભારતમાંથી આવતા મોટી સંખ્યામાં પ્રોફેશનલ્સને ભાડે રાખે છે. પર્મેનન્ટ લેબર સર્ટિફિકેશન(PERM) અરજીઓના વિશ્લેષણથી જાણવા મળે છે કે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ(TCS) દ્વારા અમેરિકી નાણાકીય વર્ષ ૨૦૨૬માં માત્ર બે અરજીઓ દાખલ કરવામાં આવી હતી, જે ૨૦૨૫માં ૫૧૩ અને ૨૦૨૪માં ૧,૮૦૪ હતી. જ્યારે એચસીએલ (HCL) દ્વારા ૨૦૨૬માં ૫૯ PERM ફાઈલિંગ કરવામાં આવ્યા, જે ૨૦૨૫માં ૩૨૩ હતા. વિપ્રો દ્વારા ૨૦૨૪માં ૨૫૭ અને ૨૦૨૫માં ૫૨૩ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. ૨૦૨૪માં વિપ્રો દ્વારા દાખલ કરવામાં આવેલી ૨૫૭ અરજીઓમાંથી ૧૬૯ ફગાવી દેવામાં આવી હતી અને ૮૮ કંપની દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી. ઈન્ફોસિસ દ્વારા ૨૦૨૪માં ૮૭ PERM અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

આજનું પંચાંગ

તા. 11/10/2026, રવિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948

વીર સંવત : 2552 **માસ :** આસો

તિથિઃ સુદઃ એકમઃ 21:32, માતામહ શ્રાધ્ધ

અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ

રાષ્ટ્રિય દિનાંક : આસો-19

યોગ : વૈધૃતિ **કરણઃ** કિસ્તુઘ્ન

નક્ષત્ર : ચિત્રાઃ 22:33

રાશિઃ કન્યા (પ,ઠ,ણ) 10:06 પછી તુલા (ર,ત)

દિવસ : અશુભ- શારદીપ નવરાત્રારંભ- ઘટસ્થાપન

સુરતમાં સૂર્યોદય : 06:34 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:17

નવકારસી : 07:22

પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 28મો રોજ

મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 29મો રોજ

દિવસનાં ચોઘડિયાંઃ ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ

રાત્રિનાં ચોઘડિયાંઃ શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ

રાહુ કાળ : સાંજેઃ 16:30 થી 18:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): આરામ કરવાનું મન થાય. અચાનક પારિવારિક કામમાં વ્યસ્ત રહેવું પડે. સમાજીક મેળાવડામાં રંગીન મુલાકાત થાય.

વૃષભ (બ,વ,ઉ,): વિજાતિય આવેગ સતાવશે. ખાવા-પીવાનાં શોખીનો પાચ અને પેટની સમસ્યાના ભોગ બનશે. ખર્ચા વધશે.

મિથુન (ક,છ,ઘ,): બહારના કામનો ચિંતા સતાવે. પ્રવાસમાં જૂના મિત્રોની મુલાકાત થાય. સંતાનો સાથે ઘર્ષણ ટાળવું.

કર્ક (ડ,હ,): મિત્રો સાથે, મનોરંજન પ્રવાસ થાય. નવા ઘરની યોજના બને. ઘરમાં મહેમાનોની અવરજવર વધશે.

સિંહ (મ,ટ,): વાણી પર કાબૂ રાખવો. માર્કેટીંગ, દલાલી, શિક્ષણ અને કલા સાહિત્યને લગતા કામમાં પ્રગતિ થાય.

કન્યા (પ,ઠ,ણ,): ઉત્સાહજનક સમાચાર મળે. મનગમતાં લોકોને મળવાનું અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે.

તુલા (ર,ત,): અંગત જીવનમાં રસિક ઘટના ઘટે. ઈચ્છિત મુલાકાત થાય. સામાજીક મેળાવડામાં જવાનું બને. પ્રવાસ થાય.

વૃશ્ચિક (ન,ય,): ઈર્ષાળુ મિત્રોથી સાવધાન. પ્રવાસમાં વિવાદથી બચવું. વિદેશના કામમાં ગતિ આવે. રંગીન મુલાકાત થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): કારોબારનો વિસ્તાર થાય. મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિ થાય. સંતાનોની ચિંતા સતાવે. પ્રેમમાં મિલન થાય.

મકર (ખ,જ,): પડવા-વાગવાથી સાવધાન. ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણ બાબતે યોગ્ય માર્ગદર્શન મળે. આવક વધે.

કુંભ (ગ,સ,શ,ષ,): ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. દેવ દર્શન થાય. સાહિત્ય, કાયદા, ઉચ્ચ શિક્ષણ વગેરેમાં પ્રગતિ થાય.

મીન (દ,ચ,ઝ,થ,): ભાગીદારી અને સામાજિક સમસ્યાનું સમાધાન થાય. ગૂઢ વિદ્યા અને અધ્યાત્મમાં મનને શાંતિ મળે. આવક વધે.

કોઈ પણ સાલમાં 11 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં નવી તકો ઊભી થાય તથા હરીફો વધે. નવા ફેરપારથી દોડધામ, કાર્યબોજ અને જવાબદારીથી અશાંતિ વધશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે. પરિવારની અપેક્ષાઓ સંતોષી શકાય. સરકારીકામ, કોર્ટ- કચેરીમાં મદદ મળે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. આધુનિક ટેકનોલોજીની મદદ મળે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના સરળ બને. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે, પ્રેમ વિવાહમાં મદદ મળે. વિદેશનો કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ પાર પડે. સ્ત્રી વર્ગને સંતાનોની ચિંતા સતાવે પણ નોકરિયાતને નવી તક મળે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી પડશે. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈમાં, સોમ-ગુરુવારે, 02,11, 20, 29 તારીખે નવા કામ કરવા. સફેદ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મંગળ-બુધવારે 05 અને 08 તારીખે નવા કામ ટાળવાં, લીલો, કાળો, નીલો રંગ ટાળવો. ચંદ્રના ઉપાય કરવા.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ખસ, ખૂજલી

દેશ, કાળ, પર્યાવરણ, ઉપલબ્ધ દ્રવ્યો પ્રમાણે કેવી કેવી રીતે ઔષધ વિકાસ પામે છે તે અભ્યાસનો વિષય છે. કચ્છનો આ પ્રયોગ જુઓ. બકરાની લીંડી ભેગી કરી મોટા કઢાયામાં રાખી સળગાવી દેવી. ખાસી વાર લાગે છે, ધુમાડો પણ થશે. બરાબર બળી જાય એટલે તેમા દિવેલ ભેળવી મલમ બનાવી રાખવો. ચેપી ગુમડા, ખસ, ખરજવું મટે છે. શહેરોમાં આ કયાં શક્ય બને? કોઈ સેવાભાવી સંસ્થાઓ માથે લે તો જ થાય.